દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૪ એપ્રિલ, ૨૦૨૬

અવિચારી વિકાસકાર્યોને કારણે હિમાલયન વિસ્તારોમાં હોનારતોનું પ્રમાણ વધ્યું છે

છેલ્લા કેટલાક વર્ષોથી આપણે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કાશ્મીર, સિક્કીમ જેવા હિમાલયન રાજ્યોમાં જાત જાતની જીવલેણ હોનારતો વારંવાર બનતા જોઇ રહ્યા છીએ. તેમાં પણ ખાસ કરીને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આવી હોનારતોનું પ્રમાણ ખૂબ વધેલું જણાય છે. ક્યાંક હિમપ્રપાત થાય છે અને મોટા પ્રમાણમાં લોકો તેમાં દબાઇને મરી જાય છે. ક્યારેક ક્યાંક અતિ ભારે વરસાદ થાય છે, વાદળ ફાટવાની ઘટના બને છે અને હાહાકાર મચી જાય છે. હિમાલયન રાજ્યોમાં ઘાતક હિમપ્રપાતોએ ૨૦૨૧થી અત્યાર સુધી ૧૨૦ જેટલા લોકોનો ભોગ લીધો છે. બીજી અનેક હોનારતોમાં પણ વ્યાપક જાનહાનિ થઇ છે. આમાં ૨૦૧૩ના જૂનની કેદારનાથ યાત્રા વખતેના ભારે વરસાદ, પૂર, ભૂસ્ખલનોની અતિભયાનક હોનારત તો ક્યારેય ભૂલી શકાય તેમ નથી જેમાં ૫૦૦૦થી વધુ લોકોના જીવ ગયા હતા જેમાં મોટા પ્રમાણમાં યાત્રાળુઓ હતા. વૈશ્વિક હવામાન પરિવર્તનની અસર તો હિમાલયન પ્રદેશ પર થઇ જ છે પરંતુ સાથો સાથ અહીં આડેધડ થયેલા કથિત વિકાસ કાર્યોએ અહીંની નાજુક પર્યાવરણીય સમતુલાને ખૂબ જોખમાવી છે અને તેથી હોનારતોનું પ્રમાણ વધ્યું છે એમ નિષ્ણાતો કહે છે.

હાલમાં નવી દિલ્હીમાં બહાર પાડવામાં આવેલા એક નવા શ્વેતપત્રમાં હિમાલયના ભવિષ્ય અંગે ગંભીર ચેતવણી આપવામાં આવી છે, જેમાં નીતિઘડવૈયાઓને વર્તમાન વિકાસ વ્યૂહરચનાઓમાં ધરમૂળથી ફેરફાર કરવા વિનંતી કરવામાં આવી છે કારણ કે સમગ્ર ક્ષેત્રમાં આબોહવા પરિવર્તનના જોખમો, માળખાગત સુવિધાઓનું દબાણ અને પર્યાવરણીય નજાકત તીવ્ર બની રહી છે. “ધ ફ્યુચર ઓફ ધ હિમાલયાસ: રીથિંકિંગ ડેવલપમેન્ટ એન્ડ રેઝિલિયન્સ” શીર્ષક ધરાવતો આ અહેવાલ હાઇલાઇટ કરે છે કે 1950ના દાયકાથી અત્યંત ભારે વરસાદની ઘટનાઓમાં 15- 20% નો વધારો થયો છે, જેની સાથે ભૂસ્ખલનની વધતી ઘટનાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ્સ પર દબાણ વધી રહ્યું છે. તે દલીલ કરે છે કે આ કોઇ છૂટીછવાઇ ઘટનાઓ નથી પરંતુ વિકાસના અભિગમો અને પર્વતીય નિવસનતંત્રની નાજુક વાસ્તવિકતાઓ વચ્ચેના ઊંડા અસંતુલનનાં લક્ષણો છે. સીપી કુક્રેજા ફાઉન્ડેશન ફોર ડિઝાઇન એક્સેલન્સ દ્વારા પ્રકાશિત આ શ્વેતપત્ર, એક બહુશાખાકીય ‘હિમાલયન રાઉન્ડટેબલ’ના ઇનપુટ્સ પર આધારિત છે જેમાં શાસન, એન્જિનિયરિંગ, ઇકોલોજી અને સામાજિક વિજ્ઞાનના નિષ્ણાતો એકઠા થયા હતા. ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે લોન્ચ કરવામાં આવેલ આ અહેવાલ, પ્રોજેક્ટ-આધારિત વિકાસને બદલે સિસ્ટમ-લેવલ પ્લાનિંગ તરફના પાયાના ફેરફારની હાકલ કરે છે, અને ભારપૂર્વક જણાવે છે કે વર્તમાન અભિગમો હિમાલયના લેન્ડસ્કેપ્સની પરસ્પર જોડાયેલી પ્રકૃતિને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે. તે ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગને વોટરશેડ અને બેસિન-સ્તરની પર્યાવરણીય પ્રક્રિયાઓ સાથે જોડવા, શાસનમાં વૈજ્ઞાનિક ડેટાને સંકલિત કરવા અને ભૂપ્રદેશને અનુરૂપ સંવેદનશીલ ડિઝાઇન પદ્ધતિઓ અપનાવવાની ભલામણ કરે છે. અહેવાલનું એક મુખ્ય તારણ એ છે કે વિકાસના નિર્ણયોમાં પર્યાવરણીય ‘વહન ક્ષમતા’ને બિન-ચર્ચાયેલા પરિબળ તરીકે ગણવાની જરૂર છે. અહેવાલ નોંધે છે કે ઝડપી શહેરીકરણ, પ્રવાસનનું દબાણ અને ખંડિત શાસન માળખાએ આ પ્રદેશમાં જોખમોને વધુ જટિલ બનાવ્યા છે. મહત્વની વાત એ છે કે, આ પત્ર હિમાલયને એક એવી સિસ્ટમ તરીકે રજૂ કરે છે જેની દક્ષિણ એશિયામાં નીચેના વિસ્તારોમાં વસતા લગભગ 1.3 થી 1.5 અબજ લોકો પર વ્યાપક અસરો પડે છે. લેખકો દલીલ કરે છે કે આ પરસ્પર જોડાણને કારણે ટૂંકા ગાળાના, અલગ-અલગ હસ્તક્ષેપોને બદલે લાંબા ગાળાના અને સ્થિતિસ્થાપકતા-કેન્દ્રિત અભિગમ અપનાવવો જટિલ છે. લોન્ચિંગ પ્રસંગે બોલતા, અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ પર્યાવરણીય સંરક્ષણ સાથે વિકાસના સંતુલન પર ભાર મૂક્યો હતો. તેમણે એક “ગણતરીપૂર્વકનો મધ્યમ માર્ગ” અપનાવવાની હાકલ કરી હતી જે પર્વતીય નિવસનતંત્રની સુરક્ષા સાથે આર્થિક વૃદ્ધિની ખાતરી આપે. અહેવાલ એવા માળખાગત અવરોધોને પણ ઓળખે છે જે ટકાઉ વિકાસને અવરોધે છે, જેમાં વૈજ્ઞાનિક ડેટાનો ઓછો ઉપયોગ, એન્જિનિયરિંગ પદ્ધતિઓ અને ભૂપ્રદેશની વાસ્તવિકતાઓ વચ્ચેનું અસંતુલન અને સંસ્થાગત સંકલનનો અભાવ શામેલ છે.

પેનલ ચર્ચામાં નિષ્ણાતોએ આ પડકારોને પહોંચી વળવા માટે ક્રોસ-સેક્ટર સહયોગ, ડેટા-આધારિત શાસન અને સમુદાય સંચાલિત આયોજનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ શ્વેતપત્ર હિમાલય માટે એક નવા વિકાસના મોડેલની હાકલ સાથે સમાપ્ત થાય છે, જે પર્યાવરણીય મર્યાદાઓ, સાંસ્કૃતિક સંવેદનશીલતા અને લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા પર આધારિત હોય. આ નવો શ્વેતપત્ર વૈજ્ઞાનિકોની એક ટીમે ઉત્તરાખંડના હિમાલયમાં સેંકડો અસ્થિર ગ્લેશિયર્સની ઓળખ કર્યાના ગણતરીના દિવસોમાં જ આવ્યો છે. પ્રદૂષણના કારણે વધેલા તાપમાનને કારણે પણ હિમપ્રપાતની ઘટનાઓ વધેલી જણાય છે. આડેધડ બાંધકામો અને વિકાસ કાર્યોને લીધે જોષીમઠમાં જમીન બેસી જવાના અને તેને કારણે મકાનોમાં તિરાડો પડવાના બનાવો આપણે જોયા છે. નાજુક પર્યાવરણીય સમતુલાનો ખયાલ રાખ્યા વિના કરવામાં આવેલા વધુ પડતા વિકાસ કાર્યો, ઇમારતોનો ભારે બોજ અને ગટર/ડ્રેનેજની યોગ્ય વ્યવસ્થાના અભાવને કારણે પાણી જમીનમાં ઉતરતા પોચી પડેલી જમીન વગેરેને આને માટે કારણભૂત માનવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયમાં યાત્રાધામો અને પર્યટનના વિકાસના નામે અહીં માર્ગોનું બાંધકામ પણ વ્યાપક થયું છે, હોટેલો પણ ઘણી બંધાઇ છે. જળવિદ્યુત પ્રોજેક્ટ્સ (જેમ કે તપોવન-વિષ્ણુગઢ) માટે કરવામાં આવતા બ્લાસ્ટિંગ અને રસ્તા પહોળા કરવાની કામગીરી પણ અસર કરતી હોવાનો નિષ્ણાતોનો અભિપ્રાય છે. આ બધી કામગીરીને કારણે અહીં પર્વતીય વિસ્તારોમાં પર્યાવરણીય સમતુલા ખોરવાય છે. હિમાલયન વિસ્તારોમાં અવિચારી વિકાસ કાર્યો અટકાવી દેવાય તે ખૂબ જરૂરી છે.

ન ગમતા વિચારો ન કરો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સાંજે નીના હાથમાં ચા લઈને ગેલેરીમાં ઉભી ઉભી રડી રહી હતી, તેના સાસુ ત્યાં આવ્યા અને નીનાને રડતી જોઇને બોલ્યા, ‘નીના શું થયું કેમ આમ રડે છે??’ નીનાએ કહ્યું, ‘કઈ નહિ મમ્મી, આ તો એમ જ વિચાર આવ્યો કે ભગવાને બધું સુખ આપ્યું આટલું સરસ ફેમીલી, પતિ ,આટલું મોટું ઘર, નાનકડી દીકરી કયાંક આ બધું છીનવાઈ તો નહિ જાય ને?? એટલે આ વિચાર થી ડરીને આંખો ભરાઈ આવી.’

સાસુ હસી પડ્યા...નીના બોલી, ‘મમ્મી હું રડું છું અને આટલી સીરીયસ વાત કરું છું અને તમે હસો છો ??’ સાસુ બોલ્યા, ‘હસું નહિ તો શું કરું ??’ તું સાવ ખોટા કારણ વિનાના નેગેટીવ વિચારો કરે છે.’

નીના દલીલ કરતા બોલી, ‘મમ્મી એવું નથી હજી કાલે જ તો તમે કહેતા હતા કે જીવનનો કોઈ ભરોસો નહિ ગમે ત્યારે ગમે તે થઈ શકે.’ સાસુ બોલ્યા, ‘હા કહેતી હતી, પણ જરૂરી નથી કે જે કઈ થાય તે ખરાબ જ થાય.જીવનમાં પરિવર્તન ગમે ત્યારે આવી શકે ,કબુલ કે મુશ્કેલીઓ પણ આવી શકે પણ આપને શું કામ નેગેટીવ વિચારો કરવાના ??’

નીના રડતા રડતા બોલી, ‘મમ્મી વિચારો તો આવી જાય કોઈ ખરાબ વિચારો કરે થોડું ??’ સાસુમાએ તેને શાંતિથી બેસાડી અને કહ્યું, ‘જો તારા રડવામાં ચા ઠંડી થઇ ગઈ હું સરસ કોફી બનાવીને લાવું છું તું હવે જરાય રડતી નહિ.’

સાસુમા બે કપ કોફી લઈને આવ્યા અને નીનાના હાથમાં એક મગ આપતા બોલ્યા, ‘નીના, અત્યારે જમવામાં ફ્લાવર વટાણાનું શાક બનાવજે.’ નીના બોલી, ‘પણ મમ્મી ફ્લાવર તો તમને અને મને બંનેને નથી ભાવતું તો પછી કેમ આજે ફ્લાવરનું શાક ??’

સાસુમા બોલ્યા, ‘જો ન ભાવતું શાક આપણે ખાતા નથી અને બનાવતા પણ નથી તો પછી ન ગમતા વિચારો શું કામ કરવાના...સપના જોવા તો સારા જોવા ,ભવિષ્યના વિચારો કરવા તો સારા જ કરવા અને ખરાબ વિચાર આવે તો તેને દુર ખંખેરી નાખવા સમજી.આમ ન ગમતા ,ખરાબ કે નેગેટીવ વિચારો કરીને રડવું નહિ.હંમેશા સકારાત્મક જ વિચારવું અને નકારાત્મક વિચારો આવે તો દુર ભગાવવા અને ભવિષ્યના વિચરો કરવા કરતા વર્તમાનની ખુશીની એક એક પળ માણવી.ચલ ,પહેલા મસ્ત કોફી પી લીએ અને પછી આપણે સાસુ વહુ મળીને ફ્લાવર વટાણાનું શાક નહિ પણ પાઉંભાજી બનાવીએ બધાને બહુ ભાવે છે ને.’ સાસુમાએ વહુને સાચી સમજ આપી અને તેનો મૂડ પણ સુધારી દીધો.

મહિલાઓ નારાજ છે જ

કહેવાની વાત

નેહા શાહ

સીમાંકન અને મહિલા આરક્ષણ વચ્ચે શું સંબંધ હતો તે ત્યારે પણ નહોતું સમજાયું કે નથી આજે સમજાતું

દેશની મહિલાઓ ગુસ્સામાં છે. હા, એ વાત સાચી છે. વર્ષોથી રાજકારણમાં એના નામે છળકપટ થાય છે. ભારતને આઝાદ થયે ૭૮ વર્ષ થયાં, પણ સંસદમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ૧૫-૧૬ ટકાથી વધ્યું નથી. એટલે જ મહિલા આરક્ષણ આવશ્યક છે. સંસદમાં મહિલાઓ માટે ૩૩ ટકા આરક્ષણ હોવું જોઈએ એ પ્રસ્તાવ પહેલી વાર બંધારણના ૮૧ મા સુધારા તરીકે ૧૯૯૬માં રજૂ થયો હતો, ત્યારથી લઈને આજ સુધી એક યા બીજાં કારણોસર મહિલાઓ એમના અધિકાર સુધી પહોંચી નથી શકી. ૧૯૯૬માં દેવગોવડા વડા પ્રધાન હતા ત્યારે સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય જનતા દળના સાંસદોએ લોકસભામાં વચ્ચે આવીને ખરડાના કાગળો ફાડી વિરોધ કર્યો હતો. આરક્ષણની અંદર જેમ એસ.સી./ એસ.ટી. માટે ઉપઆરક્ષણની જોગવાઈઓ હતી, તેવી જ ઓ.બી.સી વર્ગની મહિલા માટે હોવી જોઈએ એવી તેમની માંગ હતી, કારણકે એ સિવાય મહિલા આરક્ષણનો લાભ માત્ર ભદ્ર વર્ગની મહિલાઓને જ મળશે એવી દલીલ હતી. જ્ઞાતિ વ્યવસ્થાના ઉચ્ચ-નીચમાં વહેંચાયેલા સમાજમાં એ ડર ગેરવ્યાજબી પણ ન હતો અને પરિણામે આરક્ષણનો અમલ પાછળ ધકેલાયો. ત્યાર બાદ અટલબિહારી વાજપેયી તેમજ મનમોહનસિંઘની સરકાર પણ ખરડો સંસદમાં લાવી પણ આ સમગ્ર સમય ગઠબંધનની સરકારોનો હતો. સાથી પક્ષોના વિરોધને કારણે અમલ પાછળ ધકેલાતો ગયો. મુખ્ય પ્રશ્ન તો ઓ.બી.સી.ના ક્વોટાનો જ હતો.

પણ, વિડંબણા તો જુઓ, ૨૦૨૩ માં જ્યારે મહિલા આરક્ષણ માટે નારીશક્તિ-વંદના અધિનિયમના સ્વરૂપે આવ્યો ત્યારે સરકાર પાસે સ્પષ્ટ બહુમતી હતી અને ગઠબંધન સાચવવાનું દબાણ નહોતું, વળી વિપક્ષોએ પણ સર્વાનુમતે ખરડાને સમર્થન આપ્યું હતું. ત્યારે, સંસદીય લોકશાહીના ઈતિહાસમાં પહેલી એવી ઘટના બની કે કાયદો તો પસાર થઇ ગયો પણ આગામી પાંચ-છ વર્ષ સુધી સુષુપ્તાવસ્થામાં જતો રહ્યો! સર્વાનુમતે છતાં સરકારને લાગ્યું કે જો અમલ કરવો જ છે તો નવી વસતી ગણતરીના આધારે સંસદીય વિસ્તારોના નવા સીમાંકન થઇ જાય પછી યોગ્ય રીતે અમલ કરીએ. જે ૨૦૨૬ પછી જ થઇ શકે એવી સમજુતી ૨૦૦૧માં થઇ હતી! સીમાંકન અને મહિલા આરક્ષણ વચ્ચે શું સંબંધ હતો તે ત્યારે પણ નહોતું સમજાયું કે નથી આજે સમજાતું. નવું સીમાંકન જ જો પાયો રાખવો હોય તો નવી વસતી ગણતરી પ્રમાણે જ હોય એ તાર્કિક છે એટલે જ્યારે સરકારને જો મહિલા આરક્ષણના તાત્કાલિક અમલની આવશ્યકતા લાગતી હોય તો સીમાંકન સાથે જોડતી જોગવાઈ હટાવી લે, કારણકે આમેય મહિલા આરક્ષણ અને સીમાંકન બે અલગ મુદ્દા છે.

૧૬ થી ૧૮ એપ્રિલ વચ્ચે જ્યારે સંસદનું ખાસ સત્ર મળ્યું ત્યારે આ બંને વચ્ચેના સંબંધની અનિવાર્યતા પર પ્રકાશ પડશે એવી અપેક્ષા હતી પણ પાછલા દસ દિવસમાં થયેલી કોઈ પણ ચર્ચામાં એવી કોઈ સ્પષ્ટતા થઇ નહિ અને ફરી એક વાર મહિલા આરક્ષણ સીમાંકનના મુદ્દે પાછું ઠેલાયું!

સંસદમાં હારી ગયા પછી, સત્તા પક્ષનાં કાર્યકરો હવે રસ્તાઓ પર ઊતરી આવ્યાં છે, જાણે કે તે પોતે જ વિપક્ષ હોય! પ્રધાન મંત્રીએ રાષ્ટ્રને જોગ સંબોધનના કેન્દ્રસ્થાને વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસની ભૂમિકાને વગોવવાનું હતું, પણ કેટલાક પાયાના પ્રશ્નોના જવાબ આખી ચર્ચામાંથી જડી નથી રહ્યા. સરકાર મહિલાઓના પ્રતિનિધિત્વ અંગે એટલી ચિંતિત છે, તો પછી સપ્ટેમ્બર 2023માં સંસદ દ્વારા સર્વસંમતિથી પસાર કરાયેલ મહિલા આરક્ષણ અધિનિયમને હજુ સુધી અમલમાં કેમ નથી મૂક્યો? ૨૦૨૩માં જ જ્યારે બધા પક્ષો સંમત હતા ત્યારે નવી વસતી ગણતરી અને નવા સીમાંકન સાથે એને જોડવામાં શું તર્ક હતો? હવે જ્યારે અચાનક ઉતાવળે નારીશક્તિ-વંદના અધિનિયમને માટે ખાસ સત્ર બોલાવવામાં આવ્યું તો નવા ખરડા માટે કેમ કોઈનાં સૂચનો મંગાવવાની જરૂર જ ના જણાઈ? અને સુધારા ખરડા પર મતદાન હતું એના બરાબર એક દિવસ પહેલાં જ કેમ આ અધિનિયમને સૂચિત કરવામાં આવ્યો? વિરોધ પક્ષો સંસદમાં ચર્ચા કરી શકે પણ, મહિલા સંગઠનો, મહિલાઓના હક માટે કામ કરતા સ્વયંસેવકો કે પ્રોફેશનલો તો સંસદમાં આવીને પોતાનાં મંતવ્યો આપી શકવાનાં નથી. આટલા મહત્ત્વના બંધારણીય ફેરફારમાં એમના અભિપ્રાયનું મહત્ત્વ તો કેમનું ચૂકી જવાય? મહિલાઓને 33 ટકા આરક્ષણ આપવા માટે લોકસભાની સંખ્યામાં વધારો શા માટે જરૂરી છે? પચાસ ટકા વધારાના સૂચન પાછળનો તર્ક શું? વસ્તીમાં કયા પ્રકારે બદલાવ આવ્યો છે એ તો આપણને હજુ ખબર જ નથી!

પંચાયતના મહિલા આરક્ષણના અનુભવે એટલું સમજાયું છે કે માત્ર આરક્ષણ અમલમાં લાવવાથી આપોઆપ સ્ત્રી સશક્તિકરણ થઈ જતું નથી. મહિલા ઉમેદવાર પાસે ચૂંટણી લડવા માટે જરૂરી સંસાધનો જ નથી હોતાં અને રાજકીય પક્ષો પણ મહિલા ઉમેદવાર માટે ઉદાસીન જ હોય છે, માટે એ પરામર્શની જરૂર છે કે મહિલા ઉમેદવારોને ટેકો કઈ રીતે કરી શકાય. રાજકીય પક્ષે પોતાના ઉમેદવાર માટે આર્થિક અને સામાજિક મદદ માટે ઈકોસિસ્ટમ કઈ રીતે ઊભી કરી શકે. જો આ મુદ્દે કોઈ ઠોસ માહોલ બંધાશે તો મહિલા સશક્તિકરણની દિશામાં સાચું પગલું ભરાશે. બાકી, જો મહિલાના અધિકારની વાતો ચૂંટણી પ્રચાર પૂરતી મર્યાદિત રહેશે તો મહિલાઓ નારાજ થશે જ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ગામડાંઓ જીવવાલાયક રહે તો એ જીતવાલાયક રહે

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

ભણવા માટે પણ શહેરમાં જ જવાનું અને નોકરી તો શહેરમાં જ હોય. પાયાની એવી કઈ સુવિધા છે, જે ગામડાંમાં આજે પણ મળે છે?

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. વર્ષો પહેલાં ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારો ગુમાવ્યાના બીજા જ દિવસથી સત્તાધારી ભાજપ ગામડાંઓ અને ખાસ તો ખેડૂતો માટેની જાહેરાતો કરતો થઈ ગયો હતો. આગામી ચૂંટણીઓ જીતવી હોય તો ગામડાંઓ ઉપર ધ્યાન આપવું પડશે એમ એમને લાગ્યું હતું. હવે પ્રશ્ન એ છે કે ગામડાંઓનો વિચાર માત્ર ચૂંટણી જીતવા જ કરવાનો. ધારો કે આ વખતે પણ ગ્રામ પંચાયતોમાં ભાજપ જીતી હોત તો ગામડાંઓ ઉપર ધ્યાન ના ગયું હોત ને? ગામડાંઓને માત્ર રાજકીય જીત-હારનાં સમીકરણથી જોવાનું બંધ કરો. આપણાં ગામડાંઓ વિકટ સામાજિક અને આર્થિક પ્રશ્નોથી ઘેરાઈ ગયાં છે જેનો ઉકેલ માત્ર સરકાર પણ લાવી શકે તેમ નથી કારણ કેટલાક પ્રશ્નો માત્ર સુવિધાના નથી, સમજણના પણ છે. આપણાં ગામડાંઓ એ મોટાં ઘરડાંઘર બની ગયાં છે. માત્ર સ્ત્રીઓ અને વૃદ્ધો જ ત્યાં રહે છે. યુવાનો તો બધાં શહેર તરફ જ ભાગી રહ્યાં છે. શિક્ષણની જેમ ખેતી પણ યુવાનો માટે આકર્ષક રહી નથી અને શા માટે રહે? ના પૈસો, ના પ્રતિષ્ઠા, કંઈ તો એમાં મળતું નથી. ગુજરાતનાં ગામડાંમાં સવારે એક બસ આવે, સાંજે એક બસ આવે, બીમાર પડો તો દાકતરને બતાવવા શહેરમાં જ જવું પડે. દવા લેવા પણ શહેરમાં જ જવું પડે. ભણવા માટે પણ શહેરમાં જ જવાનું અને નોકરી તો શહેરમાં જ હોય. પાયાની એવી કઈ સુવિધા છે, જે ગામડાંમાં આજે પણ મળે છે? આપણે અદ્ભુત વિકાસ કર્યો છે કે ગામડાં ખાલી થઈ રહ્યાં છે. મીડિયા પણ ગામડાંના પ્રશ્નોમાં રસ લેતું નથી. છાપાંવાળાં ગામડાંના સમાચાર છાપતાં નથી. આવાં ગામડાં નવી પેઢી માટે જીવવાલાયક રહ્યાં નથી. આ ગામોને જીતવા માટે શું મહેનત કરવાની? ગામડાંઓની જમીનો સિવાય હવે કોઈને કશામાં રસ નથી. રાજ્ય સરકારો હમેશાં ગામડાંની ગોચર જમીનો સત્તાનો દુરુપયોગ કરીને વેચી મારવા સિવાય ગામડાંમાં ક્યારેય રસ લેતાં નથી. ગામડાંમાં રોજગાર નથી, આવકો નથી, એટલે સરકાર જ નહિ, ખાનગી બજારને પણ ત્યાં રસ નથી. ના મનોરંજનનાં સાધનો, ના સિનેમાઘરો, ના ખાનગી શાળાઓ, કાંઈ જ ગામડાંમાં મળતું નથી. એટલે ખરીદી માટે પણ સૌ શહેરમાં જ આવે છે. ગામડાંઓ માટેની આ ઉપેક્ષા જ વધતાં શહેરીકરણનું કારણ છે. આપણાં શાસકોએ આ વાત સમજવાની જરૂર છે. સત્તા મેળવવાના નામે પણ જો ગામડાંઓની પાયાની જરૂરિયાત પૂરી થશે તો તે જીવવાલાયક બનશે.

ગ્રામ્ય ક્ષેત્ર માત્ર આર્થિક બદલાવની નહિ, સામાજિક અને વૈચારિક બદલાવની પણ જરૂર છે. આપણા ધર્મગુરુઓથી માંડીને સામાજિક કાર્યકરોએ આ કામ કરવા જેવું છે. યુવાનો શહેર તરફ ભાગે છે એનું એક કારણ ગામડાંની માનસિકતા છે. પરંપરા અને રૂઢિઓ છે. ગામડાંઓમાં બધી જ સુવિધા પછી પણ જો માનસિકતા ના બદલાય તો યુવાનો ગામ છોડશે જ. આ કામ માત્ર રાજનેતાઓનું નથી. આપણાં સૌનું છે. આ ચૂંટણીનાં પરિણામોમાંથી બોધપાઠ લઈ આપણે સૌ ભારતના ખાસ તો ગુજરાતના ગ્રામીણ વિકાસમાં લાગીએ તો જ ખરું ભારત તો ગામડાંમાં વસેલું છે એ વાત સાચી પડે.

દર દસ વર્ષે થતી વસતી ગણતરી થઈ નથી બાકી આપણને સમજાત કે ગામડાંમાં હવે ખરેખર કેટલી વસતી રહી છે. હમણાં જ રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે આપણાં અખબારોએ હરખભેર છાપ્યું કે ગુજરાતનાં પાંચ મોટાં શહેરોમાં કુલ વસતીના પચાસ ટકાથી વધુ વસતી યુવાન છે. જો કે ગામડાંના યુવાનો નોકરી માટે શહેરોમાં આવ્યાં છે તે વાત તેમણે સાવચેતીપૂર્વક છુપાવી દીધી. ચાર પાંચ મોટાં શહેરોમાં યુવાનો વધારે છે પણ રાજ્યનાં હજારો ગામડાંઓમાં માત્ર સ્ત્રીઓ અને વૃધ્ધો જ રહે છે તે વધારે ચિંતાનો વિષય છે.

માનનીય વડાપ્રધાન શ્રી જ્યારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે રૂરલ અર્બનના શબ્દો ભેગા કરીને દરેક ગામડું શહેર બને તેવી સુવિધા વિકસાવવાનાં વચન આપ્યાં હતાં પણ તેમના વડાપ્રધાન બન્યાનાં દસ વર્ષ પછી પણ ગુજરાતના નર્મદા ,છોટા ઉદેપુર જેવા અનેક તાલુકા ક્ષેત્રોનો પણ વિકાસ નથી થયો. સ્થિતિ તો એ છે કે અમદાવાદ, રાજકોટ, વડોદરા જેવાં શહેરોમાં પણ અમુક વિસ્તારનો જ વિકાસ થાય છે. બીજાં તો માત્ર મતદાન કરવા માટે જ રાખ્યાં છે. તો આવનારી ચૂંટણીઓમાં પ્રજા થોડી વધારે જાગૃત થઈ પોતાના લોકપ્રતિનિધિ ચૂંટે અને રાજકીય પક્ષો થોડા વધુ જવાબદાર બને તેવી અભ્યર્થના.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

લોકશાહી પર્વ ની ઉજવણી

દેશમા રાષ્ટ્રીય પર્વ ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ ની ઉજવણી કરવામાં આવે છે.૨૬મી જાન્યુઆરી એ દેશ પ્રજાસત્તાક બન્યો, ૧૫મી ઓગસ્ટ એ સ્વતંત્ર થયો. આ બન્ને પર્વ ની ઉજવણી,દેશ ગુલામી ની જંજીર માથી, તમામ કોમ, ધર્મ, સંપ્રદાય ના લોકોએ મુક્ત કરવા બલિદાન આપ્યાં હતા અને દેશમા લોકશાહી ની સ્થાપના થઈ.તેના ફળસ્વરપે ઉજવણી કરવામાં આવે છે. લોકશાહી પર્વ ની ઉજવણી એટલે ચૂંટણી, રાજકીય પક્ષો ના ચૂંટણી લડતા હરીફ ઉમેદવાર વચ્ચે હરીફાઈ. પુખ્ત વયના મતદારો પોતાના મતાધિકાર નો ઉપયોગ કરી હરીફ ઉમેદવાર ને ચૂંટી કાઢે છે. ચૂંટાયેલા જન પ્રતિનિધિ દ્વારા દેશનું વહીવટ કરવામાં આવે છે આમ ઉકત બે રાષ્ટ્રીય પર્વ ની ઊપરાંત ત્રીજો લોકશાહી પર્વ એટલે ચૂંટણી.

સુરત - ચંદ્રકાંત રાણા

નિરક્ષરતા એ વિવેકબુધ્ધિનો અભાવ સૂચવે છે

વારંવાર બ્રિટનના ચર્ચિલે ઢોલનગારાં વગાડીને કહ્યું હતું કે ભારત લોકશાહીને લાયક નથી. લોકશાહી એટલે આપખુદશાહી. મની અને મસલ પાવરથી ચૂંટાતાં સાંસદો એવા ઠરાવો પસાર કરશે કે ભૂવો પોતાના ઘર ભણી જ નાળિયેરનો ઘા કરશે. કરોડપતિ સાંસદો ધારાસભાની ટીકીટ મોં માંગ્યા દામે ખરીદશે. તેઓ કદી પોતાના મત વિભાગમાં ફરકશે પણ નહિ. આપણે જ બુધ્ધિવિહીનો આપણા જ પગ પર કુહાડો મારે છે અને પાંચ વર્ષ સુધી હૈયાવરાળ ઠાલવવાનો કોઈ અર્થ નથી. સંમોહિત પ્રજા રેવડીથી ખરીદાય છે.

સુરત - અનિલ શાહ

શૈક્ષણિક સંસ્થાઓ કોર્મશિયલ બની રહી છે

આજના કહેવાતા આર્ટસ, સાયન્સ, કોમર્સનાં ગ્રેજ્યુએટો રીક્ષા, શાકભાજીની લારીઓ, દુકાનોમાં બાર કલાક મજૂરી કરે છે. અંગ્રેજોએ ઉપરોકત ફેકલ્ટીઓ ઊભી કરી આજે કોમ્પ્યુટર યુગમાં તેઓની જરૂર નથી.

આપણા હાઈફાઈ ટેકનિશીયનો હિજરત કરી રહ્યા છે તે પણ આપણા કિંમતી હુંડિયામણના ભોગે અમેરિકા, કેનેડા ઉપરોકત શિક્ષિતોને હાથે પગે બેડીઓ પહેરાવી આફ્રિકાના ગીરમીરીયા પાછા ધકેલી રહ્યા છે.આ માનહાનિ થઈ રહી છે અને મૂક, બધિર, પ્રજ્ઞાચક્ષુ અને કર્ણબધિર સરકાર ચૂપ કેમ છે?

અડાજણ - અનિલ શાહ

માનવોનું મહાયુદ્ધ મહાવિનાશ

સર્વે જીવોમાં કૃપાળુ કુદરતે પરમાત્માએ સૌથી વધારી બુદ્ધિ અને શક્તિ માનવજાતને આપી છે. માનવે એ બુદ્ધિથી અનેક અવનવી શોધ કરી છે. વિવિધ વિશિષ્ટતાઓ કેળવી છે.

એડવાન્સ ટેકનોલોજીના માધ્યમે દુનિયાને આંજી કાઢે, કલ્પનામાં પણ ન આવે એવી એવી અદ્ભુત આઈટમોની શોધ કરી છે. વિશ્વની વિવિધ અને અનેક જાતની સુવિધાની શોધથી માનવીને એની બુદ્ધિના વિકાસને દાદ આપવી પડે એવી સ્થિતિ છે. ધન્ય માનવ-ધન્ય માનવ. પણ પણ જરા થોભો- તલવારની જેમ બે ધાર હોય છે. તેમ એ જ માનવની વિકાસની બુદ્ધિના સિક્કાની બીજી બાજુ વિનાશ છે. ઓહો ભયંકર વિનાશ-દુનિયાને ભેંકાર બનાવી દે એવો વિનાશ. અત્યારે જયારે જગત જમાદાર અમેરિકા અને સહયોગી ઈઝરાયેલી ઈરાન દેશ ઉપર એક મહિનાથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. ઈરાને પણ વળતો પ્રહાર એટલી જ તાકાતથી ઈઝરાયલ ઉપર અને વિવિધ અમેરિકન ઠાણા ધરાવતાં આજીવનબાજીના દુબઈ, કતાર, અબુધાબી, આદિ ઉપર કર્યો છે અને તેને લીધે બંને દેશોનો જે ભયંકર ભીષણ કરચરઘાણ થયો છે. અબજોના અબજો રૂ. ની મિલકત અને સાધનોનું નુકસાન થયું છે. આગની ઊડતી જવાળાઓએ મીસાઈલથી ઈઝરાયેલ, ઈરાન અને સાથી શહેરોને ભયંકર ધુમાડા અને સંહાર તથા વિનાશથી ઘેરી લીધું છે. અનેક સૈનિકો પુરુષો અને બાળકોના અકાળે મોત થયાં છે. જીવનલીલા સમાપ્ત થઈ છે કહો કે માણસ માણસને મારવા ભુંરાટો થયો છે, એને સત્તા જોઈએ છે, બીજા દેશમાં ખોટી રીતે દખલ કરીને એનો શાંતિભંગ કરવો છે.

સુરત - દીપકભાઈ ટાંકવાલા

સંભવામિ યુગે યુગેનું વચન પ્રભુ ક્યારે પાળશે?

અખબારી આલમ દ્વારા જે સમાચારો પ્રગટ થાય છે એ વાંચી જાણીને દુઃખદ આશ્ચર્ય થયા વિના રહેતું નથી. વિદ્યાર્થીઓ ખાર રાખી છરા વડે અન્ય વિદ્યાર્થી પર હુમલા કરે, દાદા કહેતી 12 વર્ષની સગીરા પર દાદા સમાન વ્યકિત રેપ કરે, પ્રેમલગ્ન કરનાર પરિણીતા પર પતિ અને એના મિત્રો ગેંગરેપ કરે, બે વર્ષમાં 3146 કિલો ડ્રગ્સનો જથ્થો સુરતમાંથી જપ્ત થાય, મહિલાઓ પ્રેમ પ્રકરણમાં મારામારી કરી નોકરી ગુમાવે, લાંચ લેતાં અધિકારીઓ ઝડપાય, જૂની અદાવતમાં યુવકની હત્યા થાય. આવા કંઈ કેટલાય કિસ્સા રોજબરોજની જિંદગીમાં સાંભળવા મળે, વાંચવા મળે અને આ ફકત સુરત શહેરની વાત છે. સમગ્ર ભારતમાં શું શું થતું હશે એ તો જાણવા ન જ મળે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ પ્રભુએ અર્જુનને જણાવ્યું હતું કે જયારે ભારત મુસીબતમાં હશે ત્યારે હું જન્મ લઈશ, પ્રજાનાં દુઃખ દૂર કરીશ તો હજુ પ્રભુએ જન્મ લેવાની રાહ જોવાની હશે? કે પ્રભુ પણ પ્રજાનાં કરતૂતો જોઈ કંટાળી ગયા હશે? કે આ પ્રજા નહીં સુધરે! જયાં સુધી ભારતની પ્રજાની માનસિકતા દાનત વિ. ન બદલાય ત્યાં સુધી પ્રભુએ ભારતમાં જન્મ લેવાનું કદાચ માંડી વાળ્યું હશે. પ્રજાને સ્વયંની વિચારધારા મનોવિકૃતિ પર સંયમ, ઈમાનદારી વિ. તો હોવા જ જોઈએ ને? સંસ્કાર ચારિત્ય શુધ્ધ બનાવે છે.

સુરત - નેહા શાહ

ત્રિરંગી પ્રકૃતિ

વર્ષાઋતુ, શિયાળો અને ઉનાળો એમ મુખ્યત્વે ત્રણ ઋતુઓ ભારતમાં આવે છે પણ એક જ દિવસમાં ત્રિવિધ અનુભવ થાય એવું કયારેક જ બને છે. રાષ્ટ્રધ્વજ ત્રિરંગાની જાણે છાયા વરતાઈ હોય તેવું લાગ્યું. વળી માનવકાયાની ત્રિવિધ અવસ્થાઓનું પ્રતિબિંબ પડયું. સુરત જિલ્લામાં સવારે ચોમાસું, બપોરે ઉનાળો અને રાત્રે શિયાળો વીસમી ફેબ્રુઆરીએ અનુભવાયાં. સવારે માવઠું પડયું, તો બપોરે તાપમાન વધતાં ઉનાળો અનુભવાયો. સાંજે ઉત્તરના પવનને લીધે ઠંડી અનુભવાઈ, હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યમાં હાલ ત્રણ અલગઅલગ સિસ્ટમ સક્રિય છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયકલોનિક સર્કયુલેશન અને ટ્રફની અસરને કારણે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. તાપમાનમાં સુધારો થતાં હવામાન સૂકું થઈ જાય છે અને નોંધપાત્ર ઘટાડો થાય છે. પવન ફૂંકાય છે. કમોસમી વરસાદ ભલે જનજીવન ખોરવે પણ ત્રિરંગી પ્રકૃતિનાં દર્શન પણ થાય છે. ખેડૂતોને ચિંતા થવાનું કારણ ઓચિંતા હવામાન પલટાની હકીકત બને છે. કુદરતના ખેલ ગજબના છે. ચાંદ અને અન્ય ગ્રહો સરકારનાર માનવપ્રકૃતિનાં રહસ્યો પામવા મથે છે તો બીજી તરફ અણુ-પરમાણુ અખતરાયે કરે છે. આવા અખતરા તો ખતરાથી ભરેલા રહે છે. ત્રિરંગી પ્રકૃતિ દ્વારા અનેક સંકેતો સાંપડે છે, આશા રાખીએ કે માનવસમાજને તે સમજાય.

સુરત - યુસુફ એમ. ગુજરાતી